જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૨/૨૦૨૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૦૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૯ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૧ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૬,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૦૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૯૦૪/૨૦૨૪

**સાયબર ક્રાઈમઃ** પ્રવિણકાંત સ/ઓ દુર્લભભાઈ પટેલ (ઉ.વ.૭૩) (રહે. હેમાંગ પાર્ક સોસાયટી બુટભવાની મંદિર પાસે વેજલપુર) એ તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૧/૨૦૨૪ થી તા.૦૬/૧૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ પ્રવિણકાંત પટેલના વોટસઅપ મોબાઇલ નંબરની ડીટેલ્સ મેળવી લઈ પ્રવિણકાંત પટેલને તેઓના Bank of india નામના વોટસએપ ગૃપમાં એડ કરી ગૃપના મોબાઇલ નંબર ૮૬૯૮૮૩૭૫૦૮ ઉપરથી પ્રવિણકાંત પટેલને BANK OF INDIA AADHAR UPDATE Dear Customer Your bank of india account will be block by today please update your Aadhar card immediately open the bank of india APK and install and update now. Thank you team bank of india તેવા લખાણ લખેલ બેંકના નામે મેસેજ કરી. જેની નીચે આધાર કાર્ડ અપડેટ કરવા Bank of India.apk નામની બનાવટી APK ફાઇલ મોકલી. આ એપ્લીકેશનમાં Bank of India ના નામના પેજ બતાવી પ્રવિણકાંત પટેલનો વિશ્વાસ કેળવતા પ્રવિણકાંત પટેલે તેમનુ ખાતુ ફ્રીજ ન થઇ જાય તે સારુ તેઓએ મોકલેલ એપ્લીકેશનમાં પ્રવિણકાંત પટેલની નામ-સરનામા તેમજ બેંક ખાતાની વિગત ભરતા આ એપ્લીકેશનના યુઝરે કોઇ પણ રીતે પ્રવિણકાંત પટેલના બેંક ખાતાનો એક્સેસ મેળવી લઇ જુદા-જુદા ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૨૨,૨૦,000/- અન્ય ખાતાઓમાં મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ડાંગર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૫/૨૦૨૪**

**ઘાટલોડીયાઃ** રમિલાબહેન વા/ઓ પરેશભાઇ શાહ (ઉ.વ.૬૨) (રહે. સરદાર પટેલ નગર શાસ્ત્રીનગર નારણપુરા) એ તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૨/૨૦૨૪ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે નારણપુરા ટેલીફોન એક્ષચેન્જ ચાર રસ્તાથી સરદાર પટેલનગર શાસ્ત્રીનગર સુધીની શટલ ઓટો ટીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ એક મહિલા તથા એક પુરૂષે રમિલાબહેનની નજર ચુકવી રમિલાબહેનના હાથમાં પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કેસરીસિહ ચંદુભાઇ ચલાવે છે.

વાડજઃ ઉર્મિલાબહેન વા/ઓ મહેન્દ્રસિંહ રાજપુત (ઉ.વ.૬૦) (રહે. સેક્ટર-૭ નિર્ણયનગર નવા વાડજ) એ તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૪ બપોરના ૩/૦૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિર્ણયનગર માધવબાગથી નિર્ણયનગર ગરનાળા ત્રીસા હોસ્પીટલ સુધીની અવતા-જતા એ.એમ.ટી.એસ.બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ ઉર્મિલાબહેન રાજપુતની નજર ચુકવી લેડીસ પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાની લકી નંગ-૧ કિમત રૂપિયા ૧,૫૮,૩૮૭/-, સોનાનુ ડોકીયું નંગ-૧ કિમત રૂપિયા ૯૫,૧૪૬/- તથા રોકડ રૂપિયા ૫,૭૬૦/- મળી કુલ રૂપિયા ૨,૫૯,૨૯૩/- મતા હતી. તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.દેસાઈ ચલાવે છે.

**માધવપુરાઃ** ચિરાગ સ/ઓ ચત્રભુજ ગુલાબાની (રહે. સીએસ્ટા ડવેલીંગ બાગબાન પાર્ટી પ્લોટ થલતેજ) એ તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ચિરાગ ગુલાબાની નાઓ પી.સી.ઇન્ટર નેશનલ નામે ડ્રાયફુટની હોલસેલની દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૨૩/૧૨/૨૦૨૪ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાની દુકાન ખાતેથી અલગ-અલગ ટ્રાન્સપોર્ટમાં ડ્રાયફુટ સપ્લાય કરવાનું હોવાથી ડ્રાયફુટ બોરોમાં ભરી એક પેડલલારી વાળા મજુર મારફતે ઇદગાહ મસ્જીદ પાસે આવેલ ગોલ્ડન ટ્રાન્સપોર્ટમાં મોકલી આપેલ આ વખતે પેડલ લારી વાળો મજુર જ્યારે ગુજરાત જીનીંગમીલ ચાર રસ્તા પાસે પ્રેમ દરવાજા બહાર અમદાવાદ ભાવનગર ટ્રાન્સપોર્ટમાં ડ્રાયફુટનો બોરો ઉતારવા ગયેલ તે દરમ્યાન કોઇ વ્યક્તિ પેડલ લારીમાંથી બદામના બે બોરા ૭૫-૭૫ કિલોગ્રામ વજનના કિમત રૂપિયા ૧,૨૧,૭૨૪/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.કાળમા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૬/૨૦૨૪**

**વાસણાઃ** જીતુભાઈ દેવજીભાઈ મકવાણા (ઉ.વ.૫૪) (રહે. ભાલેશ્વર સોસાયટી પહેલો માળ વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૨૦૨૪ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દુર્રાની ચલાવે છે.

**ઓઢવઃ** નાનજીભાઇ પિતામ્બરભાઇ સોલંકી (ઉ.વ.૫૫) (રહે. ઇન્દીરા આવાસ યોજના ઓઢવ) એ બિમારીથી કંટાળી તા.૨૬/૧૨/૨૦૨૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોધાભાઇ ચલાવે છે.

**વટવાઃ** નરેશભાઇ સ/ઓ નવલસિંગ કટારા (ઉ.વ.૩૬) (રહે. અંબિકા ટ્યુબના છાપરાં અંબિકાબ્રિજ પાસે સદભાવનાનગર ચાર માળીયા સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૨૦૨૪ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉશ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી